ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**વિપુલ ચૌહાણ**
(૨૧-૯-૧૯૮૯)
પત્રકાર - ગાંધીનગર સમાચાર
મો. ૯૦૬૭૧૩૧૩૭૨



**કૃપેશ પંકજકુમાર રત્નોત્તર**
(૨૧-૯-૨૦૧૧)
મો. ૯૭૩૭૧ ૧૮૩૬૮



**રાજ પ્રકાશકુમાર સોની**
(૨૧-૯-૨૦૦૧)
મો. ૯૮૨૫૩ ૩૯૬૭૨



**રીટાબેન મહેશકુમાર જાની**
(૨૧-૯-૧૯૬૧)
મો. ૯૯૧૩૭ ૨૦૭૮૭



**પાર્વતીબેન મધુકર પરમાર**
(૨૧-૯-૧૯૫૦)
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫

# સાદરા ખાતે વિશ્વ સાક્ષરતા દિવસ અને રાષ્ટ્રીય હિન્દી સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ સાક્ષરતા દિવસ અને રાષ્ટ્રીય હિન્દી સપ્તાહ ઉજવાયું.

વિશ્વમાં નિરક્ષરતા સમસ્યા અને તેના ઉકેલ માટે ઉપાયો વિષય ઉપર અધ્યાપક શૈલેન્દ્રભાઈ વાઘેલાએ સુંદર વાર્તાલાપ કર્યો. વિદ્યાર્થી સંગીતા વાળા અને જ્યોતિ મકવાણાએ સાક્ષરતા શિક્ષણનાં ગીતોનું આયોજન કર્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ કેવી રીતે લોકોને સાક્ષર કરવામાં મદદ કરવી તે અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય હિન્દી દિવસના ઉપલક્ષમાં ડૉ. વિક્રમસિંહ અમરાવતે સંવિધાનમાં નિર્દેશિત ભાષાઓના સમ્માન વિશે સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ભાષાઓ પર ચાલતી રાજનીતિ ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો.

મહાવિદ્યાલયના સઘળા વિદ્યાર્થીઓએ હિન્દી દિવસ નિમિત્તે આખા દિવસની દિનચર્યામાં હિન્દી ભાષાનો પ્રયોગ કર્યો હતો. સપ્તાહ અંતર્ગત ડૉ. ગાયત્રી દત્ત મહેતાના વ્યાખ્યાનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમણે વર્તમાન સમયમાં હિન્દી ભાષા અને અન્ય ભાષાની સ્થિતિ વિશે સરસ વાતો કરી હતી. સભા અધ્યક્ષ તરીકે ડૉ. જગદીશચંદ્ર સાવલિયા હાજર હતા અને આભાર દર્શન ડૉ. ગીતાબેન પટેલે કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સંયોજક પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ સહકાર અને માર્ગદર્શન આપ્યું હતું. સુતરની આંટીથી મહેમાનોનું સ્વાગત આકાશભાઈ રામી, રાજુભાઈ ભૂતિયા, હરેશભાઈ સિંધવ અને અમિતભાઈ સુરાણીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઑફિસર ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન સૅક્ટર-૨૩માં કાર્યરત બીબીએ કૉલેજ દ્વારા સાંપ્રત સમયમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા વ્યાવહારિક જ્ઞાનને વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ રીતે સમજી શકે તે હેતુથી ઔદ્યોગિક એકમની મુલાકાતનું આયોજન વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતે કાર્યરત વરમોરા પ્લાસટેક પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત સૅમેસ્ટર-૧ના ૧૨૪ વિદ્યાર્થીઓએ લીધી હતી.

મુલાકાત દરમ્યાન એકમમાં વિદ્યાર્થીઓએ ફર્નીચર પ્રાલન્ટ, પ્લાસ્ટિક પ્લાન્ટ અને હોમ વેર પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપનીના ઍચઆર ઍક્ઝીક્યુટીવ ભાવિકભાઈ, પ્લાસ્ટિક પ્લાન્ટના પ્રૉડક્શન હેડ અખિલેશ મૌર્ય, ફર્નીચર પ્લાન્ટના પ્રૉડક્શન હેડ પ્રદીપ મિશ્રા, તેમજ હોમ વેર પ્લાન્ટના પ્રૉડક્શન હેડ પંકજ ઠાકોર સાથે સવાલ-જવાબ, ચર્ચા કરી વિદ્યાર્થીઓએ પ્લાન્ટ વિશે ઉંડાણથી માહિતી એકત્ર કરી હતી. વિદ્યાર્થીઓને ટેકનીકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુરક્ષા તેમજ ગ્રાહક સંતોષનાં ધોરણો એકમે કેવી રીતે સાચવવાં જોઈએ તે અંગે પણ વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

આ મુલાકાતને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમૅન્ટ અને ટ્રેનીંગ સમિતિના ઈન-ચાર્જ ડૉ. જયેશ તન્ના, પ્રૉ. આશિષ ભુવા અને ધર્મેન્દ્ર રાઠોડે જહેમત ઉઠાવી હતી.

# હરે કૃષ્ણ મંદિર ખાતે આજે રાધાષ્ટમીની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૦

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે આવતીકાલથી શ્રી રાધાષ્ટમી ઉત્સવનો આરંભ થઈ રહ્યો છે, જે શ્રીકૃષ્ણનાં સર્વોપરિ પ્રિયતમા રાધારાણીના અવતરણનો શુભ દિન છે. જન્માષ્ટમીના ઉત્સવ પછીના ૧૫ દિવસને અંતે રાધાષ્ટમી ઉજવવામાં આવે છે. વૃંદાવનની સઘળી ગોપીઓમાં રાધારાણીને મુખ્ય ગોપી તરીકે ખૂબ જ ભાવપૂર્વક પૂજવામાં આવે છે. રાધારાણી અને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની શુદ્ધ ભક્તિનો આ સાર છે. કૃષ્ણ ભક્તિ દ્વારા ભક્તો રાધારાણીની પૂજા કરે છે, પ્રાર્થના કરે છે અને બપોર સુધી ઉપવાસ પણ રાખે છે.

મંદિર ખાતે રાધા-માધવને ખાસ પ્રકારનાં વસ્ત્રો પહેરાવીને તથા અલંકારો અને સુગંધીદાર પુષ્પોથી શણગારવામાં આવે છે. તેમના આશીર્વાદ મેળવવા ભક્તો દ્વારા ખાસ સેવા અર્પણ થાય છે. ૧૦૮ પ્રકારના ભોગ અર્પણ કરવા ખાસ તૈયારીઓ પણ કરવામાં આવે છે. આ ઉત્સવમાં ભક્તો દ્વારા રાધારાણી માટે ભજન-કીર્તન કરવામાં આવે છે અને સાંજે મહા અભિષેકમ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવે છે. હરે કૃષ્ણ મૂવમેન્ટ, અમદાવાદના પ્રમુખ જગમોહન કૃષ્ણદાસજી જણાવે છે કે રાધારાણીનું પ્રાગટ્ય મથુરા પાસે સ્થિત પવિત્ર ભૂમિ બરસાનામાં થયું હતું. કૃષ્ણ ભક્તો માટે રાધાષ્ટમી એ જન્માષ્ટમી જેટલું જ મહત્ત્વ ધરાવે છે. આ પાવન દિવસે ભક્તો કૃષ્ણની કૃપા મેળવવા માટે રાધારાણીને પ્રાર્થના કરે છે.

રાધાષ્ટમીના દિવસે મંદિર ખાતે દર્શનનો સમય સવારે ૭.૧૫થી રાત્રે ૯ કલાક સુધીનો રહેશે. સાંજે ૭ કલાકે મહા અભિષેક, રાત્રે ૮.૧૫ કલાકે મહા મંગલા આરતી, ૮.૩૦ કલાકે પાલકી ઉત્સવ અને ઉત્સવના અંતમાં શયન આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વામીજી દ્વારા સર્વ ભક્તોને ઉત્સવમાં ભાગ લેવા તથા ભગવાન શ્રીકૃષ્ણની કૃપા મેળવવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઍવરેસ્ટ (હિન્દી, ૩ડી)
સવારે ૯.૨૦, ૨.૪૦, ૫.૨૦, ૧૦.૪૦
ઍવરેસ્ટ (અંગ્રેજી, ૩ડી)
૧૨.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૨**
ઍવરેસ્ટ (હિન્દી)
સવારે ૧૦.૪૦
હીરો
૧.૧૫, ૭.૦૦
વૅલકમ બૅક
૪.૦૦, ૯.૫૦

**સ્ક્રીન-૩**
કટ્ટી બટ્ટી
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
કટ્ટી બટ્ટી
સવારે ૯.૧૫, ૩.૧૫, ૯.૧૫
મેરઠીયા ગેંગસ્ટર્સ
૧૨.૧૫
ગુજ્જુભાઈ ધી ગ્રેટ (ગુજરાતી)
૬.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કટ્ટી બટ્ટી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૦.૦૦
કટ્ટી બટ્ટી
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
૭.૧૫
હીરો
૨.૧૫, ૧૦.૧૫
મેરઠીયા ગેંગસ્ટર
૧૨.૦૦, ૪.૪૫

**સ્ક્રીન-૫**
કટ્ટી બટ્ટી
૧૦.૦૦
વૅલકમ બૅક
૧.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ (ગુજરાતી)
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦







સુરેન્દ્રનગર જિલ્લાના થાન ગામ પાસે તરણેતર વિસ્તારમાં અતિ પ્રાચીન ત્રિનેત્રેશ્વર મહાદેવનાં સાંનિધ્યમાં ભરાતો ખ્યાત એવો 'તરણેતરનો મેળો' રંગેચંગે સંપન્ન થયો. હુડા નૃત્ય તથા હસ્તકલાની બેનમૂન કારીગરીવાળી છત્રીઓને કારણે આ મેળો વિશ્વભરમાં ખ્યાત છે. દંતકથા એવી છે કે અહીં અર્જુને દ્રૌપદી સ્વયંવર માટે મત્સ્યવેધ કર્યો હતો. તરણેતરના મેળાની મજા માણવા જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં અહીં ઉમટી પડે છે તો એની સુવાસ માણવા માટે વિદેશી સહેલાણીઓ પણ અહીં અચૂક આવી ચડે છે. એમને અહીં 'નવું જોવા જેવું' અને 'ફોટોગ્રાફી કરવા જેવું' ઘણું લાગે છે. ૭૮ વર્ષની વયના નિવૃત્ત શિક્ષક હસુભાઈ ઠાકર છેલ્લાં ૧૯૫૯થી સતત તરણેતરના આ મેળાને માણવા માટે આવે છે. તેમના જણાવ્યા અનુસાર, 'અવાશે ત્યાં સુધી હું આ મેળામાં આવીશ અને નહીં અવાય ત્યારે લોકોને આવવા માટે ભલામણ કરીશ... પહેલાં અહીં લોકો મેળો માણવા માટે આવતા અને હવે મેળો જોનારા વધુ આવે છે... પહેલાં અહીં માત્ર નામનો પોલીસ બંદોબસ્ત રહેતો અને હવે પોલીસોના કાફલા આવે છે... આ તો પ્રેમ કરનારાઓનો મેળો છે. અહીં ક્યારેય ઝઘડો-ટંટો થયો નથી.'

ગાંધીનગરના તસવીરકાર નિકુંજ પી વૈશ્યકે પણ આ મેળાની મુલાકાત લઈ સુંદર તસવીરો કૅમેરામાં કંડારી હતી, જે ગાંધીનગર સમાચારના વાચકોને તેમણે સપ્રેમ અર્પણ કરી છે.

# જ્ઞાન સપ્તાહ અંતર્ગત પિયજમાં વ્યસનમુક્તિ પ્રદર્શન સંપન્ન

ગાંધીનગર, તા. ૨૦

'જ્ઞાન સપ્તાહ ૨૦૧૫' અંતર્ગત કલોલ તાલુકાની પિયજ પ્રાથમિક શાળામાં વ્યસનમુક્તિ અને આરોગ્ય જાગૃતિ અંગે ખાસ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલોલ તાલુકા હૅલ્થ ઑફિસર ડૉ. હર્ષદ પ્રજાપતિએ ગ્રામજનો અને બાળકોને ખાસ માર્ગદર્શન આપ્યું હતું.

કલોલના પીઍસઆઈ ઍન ઍમ ચૌધરીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નીરુબેન પટેલે સમગ્ર કાર્યક્રમ માટે આચાર્ય મેહુલકુમાર કવિ અને સ્ટાફ મિત્રોને બિરદાવ્યા હતા.

સમારંભ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા અને નિવૃત્ત શિક્ષકોની ગુરુવંદના કરવામાં આવી હતી. જ્ઞાન વિજ્ઞાન સપ્તાહ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને અતિથિઓના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર ગ્રામજનો અને ગ્રામ પંચાયતના સરપંચે કાર્યક્રમની સફળતા માટે શાળા પરિવારને ધન્યવાદ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપેશભાઈ બારોટે કર્યું હતું.

# ભોજન પૂર્વે થોડું પાણી પીવું અમૃત સમાન છે જેનાથી અન્નનળી સુકાતી નથી અને ભોજન સરળતાથી આમાશય સુધી સરી જાય છે



ઉત્તાનપાદાસન (એક પગથી)

સ્થિતિ : પીઠ પર સુઈને, બંને પગ ભેગા અને લાંબા રાખો. બંને હાથ શરીરની બાજુમાં, હથેળી જમીન તરફ. હવે શ્વાસ ભરતા-ભરતા ડાબા પગને ધીમે ધીમે ૪૫ ડિગ્રી સુધી લઈ જાઓ. પગ ઢીંચણમાંથી સીધો રાખો. થોડીવાર સુધી રોકાયા પછી ધીરે ધીરે પગ પાછો લાવો. તે જ પ્રમાણે જમણા પગને ૪૫ ડિગ્રી સુધી લઈ જવો. થોડીવાર રોકાયા પછી ધીરે ધીરે પગ પાછો લાવો.

ઉત્તાનપાદાસન (બંને પગથી)

સ્થિતિ : પીઠ પર સુઈને, બંને પગ ભેગા અને લાંબા રાખો. બંને હાથ શરીરની બાજુમાં, હથેળી જમીન તરફ. હવે શ્વાસ ભરતા ભરતા બંને પગને, ધીમે ધીમે ૪૫ ડિગ્રી સુધી લઈ જાઓ. પગ ઢીંચણમાંથી સીધા રાખો. શ્વાસ સામાન્ય રાખવા. થોડીવાર રોકાયા પછી, ધીરે ધીરે બંને પગ જમીન ઉપર પછડાય નહિ તે રીતે સાથે પાછા લાવો. પગ અને પેટના ભાગો સિવાય શરીરનાં અન્ય અંગો ઢીલાં રાખવાં. શરૂઆતમાં ૩૦ સૅકન્ડ રોકાવું અને



ત્યારબાદ અભ્યાસ વધારતા જવું.

ધ્યાન : ધ્યાન પેટના જે સ્નાયુઓમાં ખેંચાણ આવે છે ત્યાં કેન્દ્રિત કરો.

લાભ : પેટ અને પગના સ્નાયુોને મજબૂત બને છે. કબજિયાત, વાયુવિકાર, અપચો તેમજ આંતરડામાંનો મળ સાફ કરે છે. પેટની ચરબી ઓછી થાય છે. પાચનતંત્ર, કમરથી નીચેનો ભાગ, જાંઘના સ્નાયુઓને ક્રિયાશીલ બનાવે છે. પીઠનું દર્દ, કમર, નિતંબ અને કરોડના સાંધાઓની તકલીફ દૂર કરે છે અને મેરુદંડને સખત બનાવે છે. નાભિ પોતાના સ્થાનેથી ખસી ગઈ હોય તો પાંચ મિનિટ આ આસન કરવાથી ખસેલી નાભિ પોતાના મૂળ સ્થાને આવી જાય છે. મણિપુરચક્ર જાગૃત થાય છે. નાભિની ૭૨ હજાર સૂક્ષ્મ નાડીઓમાં સક્રિયતા અને ચેતનાની વૃધ્ધિ થાય છે.

સાવચેતી : જે વ્યક્તિને પીઠમાં ઈજા હોય અથવા તો શરીર દુર્બળ હોય તેણે શરૂઆતના ચાર અઠવાડિયા એક પગથી ઉત્તાનપાદાસન કરવું. એક પગેથી કરવાથી કરોડ ઉપર ભાર ઓછો પડે છે. ત્યારબાદ શક્તિ અનુસાર બંને પગથી કરવું.

યોગમાં આહાર

આસનો કરતા પહેલાં શૌચ એટલે કે શરીરની આંતરીક અને બાહ્ય શુદ્ધિ અનિવાર્ય છે. ભોજન અગત્યનો ભાગ ભજવે છે. સાંજે સુવાના બે કલાક પહેલાં હલ્કો ખોરાક લેવો જોઈએ.

ઋતુહાર એટલે ઋતુ અનુસાર ભોજન કરવું. મિતાહાર એટલે ભૂખથી ઓછું ભોજન કરવું એટલે કે ભૂખથી અડધું ભોજન કરવું. ચોથા ભાગનું પાણી પીવું અને પેટમાં એક ભાગ વાયુ માટે ખાલી રાખવો. હિતાહાર એટલે હિતકારી પદાર્થો ભોજનમાં લેવા. ભોજન પૂર્વે થોડું પાણી પીવું અમૃત સમાન છે જેનાથી અન્નનળી સુકાતી નથી, જેથી ભોજન સરળતાથી આમાશય સુધી સરી જાય છે. ભોજનની સાથે તે ઔષધ સમાન છે, તે ખોરાકમાં સરળતાથી ભળી જાય છે, જેથી પાચન થવામાં અનુકૂળતા રહે છે અને ખોરાક ઓછો લેવાય છે જેથી મિતાહાર થઈ જાય છે. પરંતુ ભોજન પછી તરત પાણી પીવું ઝેર સમાન છે કારણ કે તે લાળ સાથે ભળવાથી લાળરસ પાતળો થઈ જાય છે જેથી ભોજન પચવામાં પ્રતિકુળતા થાય છે. જ્યારે ભોજન પચી ગયા પછી અર્થાત ખાધા પછી એક કલાક પછી પાણી પીવાથી મળ વગેરે સુકાતા નથી અને સરળતાથી મળાશય સુધી સરી જાય છે, જેથી કબજિયાત થતી નથી. પાણી પીવું શક્તિવર્ધક છે.

- સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

# તપોવન સંસ્કાર વિદ્યાલયના ભાષાશિક્ષકનું હસ્તાક્ષર સુધારણા અભિયાન

## ૧૭૬મી સંસ્થામાં અભિયાન હેઠળ પ્રવૃત્તિ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સૅક્ટર-૨૮ ખાતે કાર્યરત આરાધના વિદ્યાવિહાર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત માધ્યમિક કન્યા શાળામાં તપોવન સંસ્કાર વિદ્યાલયના ભાષાશિક્ષક રોહિતકુમાર ભાનુપ્રસાદ જોશીએ ધોરણ-૧૦ તથા ૯ના વિદ્યાર્થીઓને હસ્તાક્ષર સુધારણા પ્રોજેક્ટ અંતર્ગત શબ્દ રમતો, કાવ્યાભિનય, અર્થભેદ, ઉચ્ચારશુદ્ધિ, વર્ણમાલાના અક્ષરોનો મરોડ, વિરામચિહ્નોની સમજ, વ્યાકરણલક્ષી કથાનકો દ્વારા સુંદર, સઘન અને સફળ તાલીમ આપી હતી. આરાધના વિદ્યાવિહારના પ્રિન્સિપાલ જાનીસાહેબ તથા કન્યા શાળાનાં પ્રિન્સિપાલ સુધાબેન પટેલ સહિત શિક્ષકગણ, વિદ્યાર્થીગણે રોહિતકુમાર જોશીની આ નિઃશુલ્ક પ્રવૃત્તિને બિરદાવી હતી અને તેમને પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું.

પર્યુષણ વૅકેશન, દિવાળી વૅકેશન, નાતાલ વૅકેશન કે પછી અન્ય શિબિરો દ્વારા આ ૧૭૬મી સંસ્થામાં રોહિતભાઈનો ઍવોર્ડ વિજેતા પ્રૉજૅક્ટ હતો, જે ઈસ ૧૯૮૧થી શરૂ થયો છે.





પ્રગતિ મંડળ વાવોલ સંચાલિત શ્રી ઍમ બી પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલની બે વિદ્યાર્થીનીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં ભૂમિકા પંચાલ વક્તૃત્વ સ્પર્ધામાં બીજા તથા લક્ષ્મી ઠાકોર નિબંધ સ્પર્ધામાં ત્રીજા ક્રમાંકે વિજેતા બની હતી. આ વિદ્યાર્થીનીઓને તૈયાર કરાવવાનું કામ શાળાનાં શિક્ષક વીણાબેન તથા નિલેશભાઈએ કરાવ્યું હતું. આચાર્યએ બંને વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.